# ૧૧૩મી જન્મજયંતી અંક



તુજ જ્ઞાતાપણાનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, ગુરુ! હાથ ગ્રહો.


કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૩] * આત્મધર્મ * [અંક-૧૧ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૮ મે-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જિનેન્દ્ર ભગવાનનાં ચરણકમળમાં દૃષ્ટિ કરનાર (–શ્રદ્ધા કરનાર) સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી સુખની ઉત્પત્તિના સ્થાનરૂપ હોતી થકી મને એવી રીતે સુખી કરે કે જેવી રીતે સુખની ભૂમિ કામિની કામી પુરુષને સુખી કરે છે, પવિત્ર શીલવાળી હોતી થકી મને એવી રીતે પાળે કે જેવી રીતે પવિત્ર શીલવાળી માતા પોતાના પુત્રને પાળે છે અને આઠ મૂળગુણરૂપી અલંકારથી યુક્ત હોતી થકી મને એવી રીતે પવિત્ર કરે કે જેવી રીતે ગુણવતી કન્યા કુળને પવિત્ર કરે છે, તેમ તે (સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી) મને પવિત્ર કરે. ૭૨૬. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક–૧૫૦)*

❀ હે ભગવાન! દીનતા પૂર્વક સમસ્ત સંસારમાં ભ્રમણ કરીને જેનો આત્મા થાકી ગયો છે એવો હું, મારી સર્વ શક્તિ લગાવીને, અત્યંત લોભથી આજ આપના શરણમાં આવ્યો છું. આપ જ મારું સર્વસ્વ છો. આપને પ્રાપ્ત કરીને વિવાદોથી મારે શું પ્રયોજન છે! ૭૨૭.

*(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ–૯, શ્લોક–૨૫)*

❀ ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશથી જ જાણવું, અમુકને જ જાણવું—ઈત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને—તે પદાર્થો અનેક પ્રકારના અને વિરુદ્ધ જાતિનાં હોવા છતાં પણ—જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જાણે છે. ૭૨૮.

*(શ્રી પ્રવચનસાર, ગાથા–૪૭નો ભાવાર્થ)*

❀ આ સદ્‌ગુરુઓની આજ્ઞા છે. સમસ્ત સિદ્ધાંતોનો આ જ સાર છે. કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી. ૭૨૯. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધિ.–૧૩, શ્લોક–૨૩)*

❀ જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) તે બંને ભાવો સમયે સમયે વિનાશ પામે છે—એવું જાણનાર જ્ઞાની તે બંને ભાવોને કદાપિ વાંછતો નથી. ૭૩૦.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૨૧૬)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૧૧
[ ૭૦૩ ]




વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
May
A.D. 2002

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

દ્રવ્યદૃષ્ટિપ્રકાશક, સ્વાત્માનુભૂતિ-વૈભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૩મી જન્મજયંતી પ્રસંગે તેઓશ્રીની અધ્યાત્મ-ઉપદેશ-વાટિકામાંથી ચૂંટેલાં

# 卐 આધ્યાત્મિક પુષ્પો 卐

❀ યોગીન્દ્રદેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર! નિર્ણય કર! કે—"હું જ પરમાત્મા છું."

❀ હું જ્ઞાયક છું....જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી.

❀ અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો.

❀ ભાઈ! તું વિશ્વાસ લાવ!—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી.

❀ બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે.

❀ શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું! એકરૂપ પરિપૂર્ણ જ છો....પરિપૂર્ણ પરમાત્મા જ છો.

❀ સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે.

❀ વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોંટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

❀ ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે! આત્મા! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે?—એ વાત રહેવા દે ભાઈ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર! આહાહા!!

❀ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર્ સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે!

❀ આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી.

❀ આજ આકિંચન ધર્મકા દિન હૈ ને! શરીર, ખાના-પીના, રાગ આદિ તો મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ.

❀ ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે.

❀ આહાહા! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર ક્યા હતા!...પોતે જ પોતાનો પરમેશ્વર છે.

❀ અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ!

❀ જેવા અરિહંત–સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ–અસ્તિત્વના વિશ્વાસનું જોર છે.

❀ જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી.

❀ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

❀ અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે, પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતાં હોય કે આવો....આવો...ચૈતન્યધામમાં આવો!

❀ પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું.

❀ સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે.

❀ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો!

❀ એમ ભાવના કર કે 'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું— એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ.

❀ વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ અને માહાત્મ્ય ભાસે છે એ જ મિથ્યાત્વ છે.

❀ જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે.

❀ શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે.

❀ એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે.

❀ તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો.

❀ જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.

❀ નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી.

❀ ત્રણલોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે. બીજા દેવ–દેવલાની તો શું વાત!

❀ આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્‌ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે.

❀ હે જ્ઞાનના ઈચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. આહાહા! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા!

❀ જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમ જ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ!

❀ પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર.

❀ શ્રી સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે.

❀ વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે.

❀ પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ.

❀ અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી.

❀ આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે.

❀ મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપાર ધંધા ને પાપ માટે નથી.

❀ ભાઈ બાપુ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો!

❀ પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

❀ ઉત્પાદ–વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ.

❀ હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે!

❀ સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો.

❀ વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં.

❀ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને? બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું? જેમ છે તેમ છે.

❀ ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે.

❀ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી?—કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જોવે છે તેથી પોતે જણાતો નથી.

❀ આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું.

❀ નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો છું.

❀ અનાદિથી આ જીવે અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના પ્રભાવને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી.

❀ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક...જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે.

❀ જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે.

❀ બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે.

❀ મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. રાગનું સ્વામીપણું તો રાંકાઈ છે—ભીખારાપણું છે. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

❀ જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી-માનવી તે પણ સંસાર છે.

❀ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે.

❀ સાહેબ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે?

એ....આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે.

❀ પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ!

❀ રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે.

❀ તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

❀ હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

❀ વસ્તુમાં તો અજીવ અને આસ્રવ છે જ નહીં. પર્યાય ઉપર એની નજર છે. એ નજર દ્રવ્ય ઉપર કરવાની છે. પર્યાય તે હું નહીં—એમ નહિ, પરંતુ પર્યાય જ અંદર ધ્રુવ ઉપર જાય ત્યારે દૃષ્ટિ ફરે.

❀ ત્રણે કાળે અને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો હું છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે.

❀ જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી—જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા માને—રાગ મારું કાર્ય છે એમ માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે.

❀ ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન.

❀ ધ્રુવ છું ને શુદ્ધ છું ને પરિપૂર્ણ છું ઈ બધા વિકલ્પો છે; ભોગીના ભોગનું મૂળ છે. પહેલાં અશુભને ચોંટ્યો હતો પછી શુભને ચોંટ્યો, પણ ઈ તો ઈ ને ઈ દશા છે! દૃષ્ટિને ધ્રુવ ઉપર લઈ જવાની વાત છે.

❀ દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી-પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્ય-સ્વભાવનો અનંતો પુરુષાર્થ છે.

❀ દ્રવ્યથી સર્વથા ભિન્ન છે—એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી. તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમસત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

❀ જેણે આત્મામાંથી રાગ-દ્વેષનો નાશ કર્યો, અલ્પજ્ઞતાનો નાશ કર્યો અને વીતરાગ સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે તેવા પરમાત્મા જેવો જ હું છું. મારી અને પરમાત્માની જાતમાં કાંઈ ફેર નથી. ભગવાન સર્વજ્ઞે જે દશાને પ્રાપ્ત કરી છે તેવી દશાને ધરનારો શક્તિવાન હું પોતે જ જિનેન્દ્ર છું.

❀ ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે.

❀ સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ–વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે.

❀ પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે.

❀ જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

❀ સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી.

❀ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે. દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે.

# આત્માના ગર્ભમાં અનંતા પરમાત્મા બિરાજે છે.

(શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ પંચાસ્તિકાયનું સ્વરૂપ છે. વસ્તુ અસ્તિરૂપ છે. તેના પ્રદેશો તે તેની કાય છે. કાય એટલે પ્રદેશનો સમૂહ.

ગાથા ૨૦નો ભાવાર્થ :—સંસારી જીવની પ્રગટ સંસારી અવસ્થા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે કે જીવ તો સદા સંસારી જ રહે છે. સદાય આવા મલિન પરિણામવાળો જ રહે છે. વર્તમાનમાં વિકાર છે તેથી ત્રણેય કાળ આત્મા વિકારી જ હશે એમ માને છે. વસ્તુ દ્રવ્યસ્વરૂપે શુદ્ધ છે એમ અજ્ઞાની જાણતો નથી તેથી વસ્તુને પર્યાયદૃષ્ટિથી જ જુએ છે.

જો આત્મા દ્રવ્યસ્વરૂપે શુદ્ધ છે એમ જાણે તો તો તેની પર્યાય ભવિષ્યમાં શુદ્ધ જ થાય એવું તેને જ્ઞાન થાય. અત્યારે તો એવો મત નીકળ્યો છે કે જીવ અનાદિથી સંસારી છે અને સંસારી જ રહેશે, તે કદી સિદ્ધ થાય જ નહિ. વિકારીનો વિકાર કેમ જાય ! એને ખબર નથી કે અંતરમાં સિદ્ધપદ છે તે પ્રગટ થાય છે. સિદ્ધપદ ન હોય તો આવે ક્યાંથી ! વર્તમાનમાં સિદ્ધપદ પ્રગટ નથી પણ સામર્થ્ય છે માટે સિદ્ધદશા પ્રગટ થાય છે. પર્યાયમાં ભલે રાગાદિ હો પણ સ્વભાવે તો અત્યારે આત્મા પરિપૂર્ણ શુદ્ધાત્મા જ છે માટે સિદ્ધ થતાં અસત્ ઉત્પાદનો પ્રસંગ આવતો નથી.

જુઓ ! આ અસ્તિકાય સિદ્ધ કરે છે. માત્ર પર્યાયની અસ્તિને સ્વીકારે છે પણ દ્રવ્યની અસ્તિને સ્વીકારતો નથી તેને અસ્તિકાયની ખબર નથી. અહીં તો મોક્ષ થાય એવા જીવદ્રવ્યની જ વાત લીધી છે. જે દ્રવ્યના સામર્થ્યને જાણતો નથી તેની પર્યાયમાં તો સદાય વિકાર રહેવાનો છે એવા જીવની વાત અહીં લીધી નથી.

જેવી રીતે જીવને દેવાદિરૂપ એક પર્યાયના કારણનો નાશ થતાં તે પર્યાયનો નાશ થઈ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે તેવી રીતે જીવને સંસારપર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસારપર્યાયનો નાશ થઈ સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. જેમ દેવ અને મનુષ્ય પર્યાય એક જ જીવની હતી તેમ સંસાર અને સિદ્ધપર્યાય બંને એક જ જીવના પર્યાય છે. સંસારપર્યાય અશુદ્ધ હતી અને સિદ્ધપર્યાય શુદ્ધ થાય છે. બંને પર્યાયો એક જીવની જ છે.

વળી અન્યપ્રકારે સમજાવવામાં આવે છે :—ધારો કે એક લાંબો વાંસ ઊભો રાખવામાં આવ્યો છે તેનો નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે અને બાકીનો ઉપરનો ભાગ અરંગી છે. આ વાસના રંગબેરંગી ભાગમાનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને બાકીનો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે. તેથી ખુલ્લા ભાગને રંગબેરંગી જોઇને અવિચારી જીવ આખા વાંસને રંગબેરંગી કલ્પી લે છે—પણ, નીચેથી ઉપર સુધી આખો વાસ રંગબેરંગી છે એવું તેનું અનુમાન ખરેખર સાચું નથી. જુઓ ! કેવી વાત કરી છે !

આત્મા વસ્તુ તરીકે મહાપ્રભુ છે તેમાં અનંતા અનંતા કેવળજ્ઞાન અને સિદ્ધપદ ભર્યા છે પણ વર્તમાન પર્યાયમાં વિકાર છે, સિદ્ધપદ પ્રગટ નથી તેથી અજ્ઞાની 'આત્મા ત્રણેકાળ વિકારી જ છે' એમ માની લે છે.

આ દાખલો સમજાય છે કે નહિ ? વર્તમાન ખુલ્લા ભાગને વિકારી જોઇને ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ આત્મા વિકારી જ હશે એમ કલ્પી લે છે. પણ જીવનું સ્વરૂપ એવું નથી. સંસારપર્યાયપણે રહેવું એવું જીવનું સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો જ્ઞાનાનંદમાં રહેવું તે છે. જીવના ધ્રુવસ્વરૂપમાં અનંતા મહાપ્રભુ પડ્યાં છે તે ખરેખર જીવ છે. તેને પર્યાયમાં પ્રગટ કરનારા જીવની જ વાત અહીં લીધી છે. પોતાના સ્વરૂપને પ્રગટ કરનારા જીવને જ જીવ કહેવાય છે. સંસારપર્યાયમાં રહે છે તે જીવ નથી.

જેમ જે માણસ ઘણાં સમયથી નિર્ધન હોય, વર્તમાનમાં પણ નિર્ધનતા હોય તેને ભવિષ્યમાં હું ધનવાન થઇશ તેવી પ્રતીતિ આવતી નથી. આપણે તો ગરીબ માણસ છીએ એમ જ અનુભવે છે પણ એલા ! તું ગરીબ નથી. તારામાં રાજા થવાની તાકાત છે એમ કોઈ કહે તો તેની તો પ્રતીતિ કરી લે છે પણ અજ્ઞાનીને હું પુણ્ય-પાપનો નાશ કરીને પવિત્રતા પ્રગટ કરી શકીશ એ વાતની પ્રતીતિ આવતી નથી. આત્મા સિદ્ધરાજા થઈ શકે છે.

વાહ ! પંચાસ્તિકાયના સ્વરૂપને કહેતાં જીવની આવી અસ્તિ સિદ્ધ કરી કે તું સિદ્ધરાજા થઇ શકે તેમ છો. તું તારા વિકારી હોવાપણા પૂરતો તને માની ન લઈશ. મારી સત્તાના સ્વીકારમાં સિદ્ધપદ પડ્યું જ છે માટે ભવિષ્યમાં હું સિદ્ધ થવાનો... થવાનો...થવાનો જ છું. એવું તું આગમજ્ઞાન, અનુમાન અને સ્વસંવેદનજ્ઞાનથી નક્કી કરી લે. મારું સ્વરૂપ સિદ્ધસ્વરૂપ જ છે એવી સત્તાના સ્વીકારનારને ભવિષ્યમાં સિદ્ધદશા થયા વિના રહેતી જ નથી. એવા જીવને જ અહીં જીવદ્રવ્ય કહ્યો છે. આમાં એમ ન

કહ્યું કે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરે તેને સિદ્ધપદ થાય. આપ્ત અને આગમનું જ્ઞાન કરનાર તો પોતે છે ને! માટે પોતાના સર્વજ્ઞપદનો સ્વીકાર કરીને, હું સર્વજ્ઞ થઈ શકીશ એવી અંતરના જ્ઞાનપૂર્વક પ્રતીતિ આવે ત્યારે તેણે જીવદ્રવ્યનો સ્વીકાર કર્યો કહેવાય. બીજાં બધાંનો સ્વીકાર કરે પણ આવા જીવદ્રવ્યનો સ્વીકાર ન કરે ત્યાં સુધી તેને સમ્યગ્જ્ઞાન અને ભવિષ્યમાં સિદ્ધપદની પ્રાપ્તિની નિઃશંકતા થાય નહિ.

વાંસના રંગબેરંગી ખુલ્લા ભાગને જોઈને આખા વાંસને રંગબેરંગી કલ્પી લેનારની જેમ, જે જીવ વર્તમાન સંસારીદશા જોઈને પોતાને સદાય સંસારી કલ્પી લે છે તેનું અનુમાન મિથ્યા છે. આત્મામાં અત્યારે અનંતા સિદ્ધ બિરાજે છે, અનંતા કેવળીઓ, અનંતા આચાર્ય–ઉપાધ્યાય સાધુઓ અંદરમાં અત્યારે બિરાજે છે. આવો ભરોસો કોણ કરે! કે પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરે તે આવો ભરોસો કરે છે. આત્મદ્રવ્યનું અસ્તિત્વ એવું નથી કે જે ત્રિકાળ મલિનરૂપે રહે.

અસંખ્યપ્રદેશી ભગવાન આત્મામાં અનંત સિદ્ધદશા પ્રગટ કરવાની શક્તિ સદાય રહેલી છે એવું જ તેનું મહાન અસ્તિત્વ છે તેનો સ્વીકાર કરી તેને ભવિષ્યમાં અનંતકાળ સિદ્ધપર્યાય પ્રગટ થશે એવી દશા અલ્પકાળમાં જ આવશે પણ જેની દૃષ્ટિ સંસારપર્યાય ઉપર, રાગ અને વિકલ્પ ઉપર છે અને હું સદાય આવો જ રહીશ એમ માને છે તેને દ્રવ્યની દૃષ્ટિ નથી ત્યાં સુધી તેને દ્રવ્યની પવિત્રતાનો લાભ થતો નથી.

કેવળજ્ઞાનીના કેડાયત આચાર્યો, મુનિઓ અને સંતો ગજબ કરે છે. પાંચ અસ્તિકાયને સિદ્ધ કરતાં જીવાસ્તિકાય આવો હોવો જોઈએ એમ સિદ્ધ કરતાં જાય છે. સંસારીપર્યાયવાળા જીવ તો વ્યવહારજીવ છે, નિશ્ચયજીવ નથી. અરે! કેવળજ્ઞાન અને સિદ્ધદશા પણ અંશ હોવાથી વ્યવહારજીવ છે. અહીં તો નિશ્ચયજીવ કેવો હોય તે સિદ્ધ કરે છે.

જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે તેને તો શુભાશુભ વિકલ્પો અને નિમિત્તથી મને લાભ થાય છે એવી બુદ્ધિ છે તેથી તે વિકલ્પો અને નિમિત્તોની રુચિ છોડશે નહિ. તેથી જીવદ્રવ્યનું જે મહાન અસ્તિત્વ છે તેનો સ્વીકાર પર્યાયદૃષ્ટિવાળાને નહિ થાય. તે તો વર્તમાનમાં પોતે જેવી પર્યાયવાળો છે તેવો જ ભૂતકાળમાં હતો અને એવો જ ભવિષ્યમાં રહીશ એમ અનુમાન કરે છે પણ તે અનુમાન સાચું નથી, કારણ કે જેમ વાંસમાં ઉપરનો ભાગ સંસારદશાના અભાવવાળો છે, રંગબેરંગીપણાના અભાવવાળો છે તેમ, ભવ્યજીવનો ભવિષ્યનો ભાગ સંસારદશાના અભાવવાળો છે, સિદ્ધદશાનો છે. સંસારનો કાળ તો બહુ થોડો છે. સિદ્ધદશાનો કાળ તો તેનાથી અનંત...અનંત...અનંતગુણો

છે. આવો અનંતાનંત સિદ્ધદશાની શક્તિવાળો આત્મા તે પૂર્ણ પરમાત્મા છે.

આ તો શાંતિથી અંદર મનન કરીને બેસાડવા જેવી વાત છે. આ કોઈ ધારેલી વાત નથી અને ધારી લેવાની વાત નથી.

પર્યાયદૃષ્ટિવાળાને વર્તમાન વિકાર ઉપરથી અનુમાન કરીને આખો આત્મા વિકારી જણાય છે, અવિકારદશાનું અનુમાન થતું નથી માટે તેને આખા આત્માના અસ્તિત્વનો સ્વીકાર નથી.

સર્વજ્ઞપ્રણીત આગમના જ્ઞાન દ્વારા, સમ્યક્ અનુમાનજ્ઞાન દ્વારા અને અતીન્દ્રિયજ્ઞાન દ્વારા સ્પષ્ટ જણાય છે કે જેવું આ અંશે સ્વસંવેદન છે તેવું જ આખા આત્માનું સ્વરૂપ છે. આખો આત્મા નિર્મળાનંદસ્વરૂપ છે એમ સમ્યક્ અનુમાન થઈ શકે છે. અનુમાનને પણ સમ્યક્ વિશેષણ આપ્યું છે કેમ કે નિર્મળવેદનનો અંશ પ્રગટ છે તેના ઉપરથી અપ્રગટ એવો આખો ભગવાન આત્મા નિર્મળતાનો પિંડ છે એમ સમ્યક્ અનુમાન કરી, નિર્વિકલ્પવેદન દ્વારા આત્માની ભવિષ્યની નિર્મળદશા ઢંકાયેલી છે તે ખુલ્લી થઈ જશે એમ જેણે સમ્યગ્જ્ઞાનમાં જોયું તેણે આત્માને માન્યો કહેવામાં આવે છે.

વીતરાગ પરમેશ્વરનો મારગ આવો છે ભાઈ ! એ કોઈ અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી જાય કે વાતો કરતાં શીખી જાય માટે સમજી ગયો છે—એમ નથી.

ભગવાને છ દ્રવ્ય જોયા છે. તે દરેક ઉત્પાદ—વ્યય—ધ્રુવસ્વરૂપ છે. દરેક સમયે ઉત્પાદ્—વ્યય થવાં છતાં વસ્તુનો નાશ થતો નથી. ઉત્પાદ—વ્યયમાં દ્રવ્ય અન્વયરૂપે કાયમ રહે છે એ સિદ્ધ કરવા આ વાંસનું દ્રષ્ટાંત આચાર્યદેવે આપ્યું છે. વાંસના દ્રષ્ટાંતની જેમ ભવ્યજીવનો પૂર્વનો પર્યાય ઢંકાયેલો છે અને ભવિષ્યનો પણ ઢંકાયેલો છે તેમાં થોડો ભાગ સંસાર પર્યાયનો છે અને બાકીનો મોટો ભાગ સિદ્ધપર્યાયનો છે. આ પંચમકાળના ભવ્યજીવની વાત લીધી છે એટલે તે આ ભવે તો કેવળજ્ઞાન પામવાનો નથી. ભવિષ્યના એક બે ભવ સંસારદશાના છે.

કુંદકુંદાચાર્ય જેવા મહામુનિઓ જેને અંતર્મુહૂર્તમાં હજારોવાર છઠ્ઠું—સાતમું ગુણસ્થાન આવતું હોય, જંગલમાં રહેતા હોય, નગ્નપણું હોય તેને જ ભાવલિંગ હોઈ શકે. ગૃહસ્થાશ્રમમાં ભાવલિંગપણું ત્રણકાળમાં કોઈને હોઈ શકતું નથી. આવા કુંકકુંદઆચાર્ય જેવા સંતો કહે છે કે અમુકકાળ તો સંસારદશામાં ગયો અને હજુ અમુકકાળ સંસારદશામાં જશે પછીનો બધો કાળ સિદ્ધદશા રહેશે.

શબ્દઆગમ વડે જ્ઞાનની પ્રસિદ્ધિ કરીને અર્થને સમજાવે છે. તેમાં આત્મપદાર્થ

એવો છે કે તે જ્યાં સુધી નિમિત્ત અને વિકલ્પની અપેક્ષા કરીને રહે છે ત્યાં સુધી તો તેની દશામાં વિકાર રહે છે. જ્યારે તે નિમિત્ત અને વિકલ્પની ઉપેક્ષા કરીને દ્રવ્ય-સ્વભાવનો નિર્વિકલ્પ નિર્ણય કરે છે તો વિકારીદશાનો કાળ તો બહુ અલ્પ અને પછીનો ભવિષ્યનો અનંત કાળ નિર્મળદશામાં જવાનો છે એમ તેને નક્કી થઈ જાય છે. મારામાં સંસારપર્યાય જ રહે એવો હું આત્મા નથી. ભવિષ્યમાં સિદ્ધદશામાં જ સદાય રહું એવો હું આત્મા છું.

આ પંચાસ્તિકાયનો અર્થ ચાલે છે. શ્રીમદે પણ પંચાસ્તિકાયના અર્થ કર્યા છે. કુંદકુંદઆચાર્યને સદ્‌ગુરુ તરીકે નમસ્કાર કરીને તેના અર્થ કર્યા છે. કુંદકુંદઆચાર્ય પોતે જ આ કહે છે.

ભૂતકાળનો અને વર્તમાનનો ભાગ વિકારવાળો જોઈને જે એમ અનુમાન કરે છે કે હું સંસારી જ છું—વિકારવાળો જ સદાય છું તેને આત્મપદાર્થની ખબર નથી.

આ જીવનો ઉપરનો ભાગ અર્થાત્ અમુક ભવિષ્યકાળ પછીનો બાકીનો અનંતભાગ સંસારના અભાવવાળો છે, સિદ્ધરૂપ છે તેનો સ્વીકાર કરે છે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. તેથી તેને નક્કી થઈ ગયું છે કે મારો ભવિષ્યનો કાળ સિદ્ધરૂપમાં જ જવાનો છે.

આ તો બહુ ધ્યાન રાખીને પકડવા જેવી વાત છે.

સંસારની પર્યાયવાળો–રાગવાળો જ જે પોતાને માને છે તેને અહીં જીવ જ કહેતાં નથી. બીજી રીતે કહીએ તો જેની દૃષ્ટિ વિકાર અને નિમિત્ત ઉપર છે અને તેનાથી જ મને લાભ થશે એમ માનનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતી નથી. તેથી મારું અસ્તિત્વ આ વિકાર વિનાનું મહાન છે એમ એણે માન્યું જ નથી. અહો ! આ ૨૦મી ગાથા અદ્‌ભુત છે.

જીવનો વર્તમાન વિકારવાળો ભાગ ખુલ્લો છે. બાકીનો વિકારવાળો અને નિર્વિકારભાગ ઢંકાયેલો છે તેમાં વિકારવાળો ભાગ તો થોડો છે. પણ જેની દૃષ્ટિ વર્તમાન પર્યાય ઉપર જ છે તેને ભૂતકાળમાં પણ હું આવો વિકારી હતો અને ભવિષ્યમાં પણ વિકારી જ રહીશ એમ માને છે, પણ જેની દૃષ્ટિ દ્રવ્યના અસ્તિત્વ ઉપર છે તેને વિકાર તો થોડો કાળ જ રહેશે પછીનો ભવિષ્યકાળ આખો નિર્વિકારપણામાં જશે, સિદ્ધપણે રહેશે.

અહો ! ભગવાન એમ કહે છે કે તારો ધ્રુવસ્વભાવ તો કાયમી છે. અંશ છે એ તો વ્યવહારનો વિષય છે. નિશ્ચયનો વિષય જે દ્રવ્યસ્વભાવ છે–ધ્રુવ છે તેમાં

સંસારનો કે સિદ્ધનો ઉત્પાદ્–વ્યય નથી. એવા ધ્રુવસ્વભાવના હોવાપણાનો જેને સ્વીકાર આવે છે તેને અલ્પકાળમાં સિદ્ધદશા પ્રગટ થઈ જશે. ઢંકાયેલો ભાગ ખૂલ્લો થઈ જશે.

તું આવો જ છો. નિર્મળભાવે પ્રગટ ન થાય એવો તું નથી પણ જ્યાં સુધી તને અંશબુદ્ધિ છે ત્યાં સુધી દ્રવ્યનો સ્વીકાર જ નથી તેથી નિર્મળતા પ્રગટ થતી નથી. આ બધી વાત લોજિકથી ચાલે છે.

જીવના ગર્ભમાં અનંતા પરમાત્મા રહેલાં છે. અનંત આનંદનો એ નાથ છે. એક સમયની પૂર્ણ નિર્મળ અવસ્થાને પરમાત્મદશા કહેવાય છે. એવી અનંત અનંત પરમાત્મદશાની શક્તિ લઈને જીવ બેઠો છે. આવા આત્માનો જેને સ્વીકાર થયો તેને અલ્પકાળમાં નિર્મળદશાની પૂર્ણતા થઈને સિદ્ધપદની પ્રાપ્તિ થવાની છે.

વર્તમાન વિકાર જોઈને 'જ્યાં જ્યાં જીવ હોય ત્યાં વિકાર હોય' એવી વ્યાપ્તિ કલ્પી લેવી તે ખોટી વાત છે. જ્યાં જ્યાં જીવ ત્યાં સંસાર... જ્યાં જ્યાં જીવ ત્યાં રાગ....જ્યાં જ્યાં જીવ ત્યાં શુભરાગ....એમ માનનારને જીવના સ્વરૂપની ખબર જ નથી.

આ ગાથાનું આવું સ્પષ્ટ કથન અત્યારે પહેલીવાર આવે છે.

જીવ હોય ત્યાં રાગ હોય કે વીતરાગતા હોય! જીવનું સ્વરૂપ વીતરાગ છે માટે જ્યાં જ્યાં જીવ હોય ત્યાં વીતરાગતા હોય એટલે કે જ્યાં જ્યાં જીવ છે ત્યાં તેનો પૂર્ણ જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવ ભરેલો છે. ભારે વાત ભાઈ! કુંદકુંદઆચાર્ય ઘણાં ગંભીર! ઘણાં ગંભીર! આ જ શાસ્ત્રની ૧૭૦ ગાથામાં આચાર્યદેવ કહે છે કે 'સંયમ, તપથી સંયુક્ત હોવા છતાં પણ જેને અર્હત્ પ્રત્યે, સૂત્રો પ્રત્યે, નવતત્ત્વો પ્રત્યે જેની રુચિ વર્તે છે તે જીવને નિર્વાણ દૂરતર છે.' કારણ કે તીર્થંકર, આગમ અને નવતત્ત્વની શ્રદ્ધા એ બધો રાગ છે, એ રાગ જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી નિર્વાણ દૂર છે.

વીતરાગનો માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. ભગવાન આત્મા વીતરાગપિંડ છે તેમાં રાગનો અંશમાત્ર નથી. દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ, વિનયાદિ બધો રાગ છે તે આત્માના સ્વરૂપમાં નથી.

આચાર્યદેવ કેટલું ખુલ્લું કરે છે! ઊંધી માન્યતા કેમ કરે છે અને સાચી માન્યતા કેવી હોય એ બધું સ્પષ્ટ કરે છે. જીવને રાગવાળો જ માને છે અને અનાદિ–અનંત જીવ રાગવાળો જ રહેશે એમ માને છે તેની દૃષ્ટિમાં રાગરહિત

સ્વભાવ આવ્યો જ નથી. તેથી રાગ ટાળીને મોક્ષ જશું એવો ભરોસો એને આવતો નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઉપર જેની દૃષ્ટિ છે કે આ ભગવાન મને લાભ કરશે ત્યાં સુધી તેની દૃષ્ટિ આત્મા ઉપર જશે નહિ. કારણ કે આત્મા રાગ વિનાનો છે એવી એને ખબર નથી તેથી તે વીતરાગભાવનો અનાદર કરે છે. રાગભાવનો આદર કરે છે ત્યાં સુધી તે રાગવાળો જ રહેશે.

જે ભવ્યજીવે વીતરાગ આત્મસ્વભાવનો સ્વીકાર કર્યો છે, આત્માની સન્મુખ થઈને શ્રદ્ધા કરી છે તેનો ભવિષ્યકાળ સિદ્ધપદની પર્યાયવાળો છે. તે પોતે પણ જાણે છે કે હું ભવિષ્યમાં સિદ્ધ થવાનો છું.

શ્રીમદ્‌જીએ પણ કહ્યું ને ! ''અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ, તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ.'' એમ દરેક જ્ઞાનીને વિશ્વાસ હોય કે ભવિષ્યમાં અમે સિદ્ધ થવાના...થવાના...થવાના જ. રાગ છે ત્યાં સુધી એકાદ–ભવ થશે એ જુદી વાત છે પછી તો અમારી દશા સિદ્ધપદની છે એમ અંતરથી કોલકરાર આવે છે.

૭૭ની સાલમાં કોઈએ આ પ્રશ્ન મૂક્યો હતો કે હજુ તો છદ્મસ્થ છે ત્યાં શ્રીમદ્ આવું કહે કે 'અમે એક ભવમાં મોક્ષ જશું.' કીધું સાંભળો. ભગવતીસૂત્રમાં જ કહ્યું છે કે મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષપણે ત્રણકાળ ત્રણલોકના પદાર્થોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધાંને જાણે એવી તેની તાકાત છે. માટે જ્ઞાની મતિ–શ્રુતજ્ઞાન વડે બધો નિર્ણય કરી શકે છે. અંદરથી જ્ઞાન આવ્યું કે એક ભવ છે પછી સિદ્ધદશા છે.–તો એ નિર્ણય ખોટો નથી. આત્મા ક્યાં અલ્પજ્ઞાની છે ? આત્મા તો સર્વજ્ઞ છે. 'હું સર્વજ્ઞસ્વભાવી આત્મા છું.' એવી જેને પ્રતીતિ બેઠી છે તે અલ્પકાળમાં સર્વજ્ઞ થયા વિના રહેવાનો નથી એમ ચોક્કસ છે.

કેટલાંક વળી શ્રીમદ્‌ને એક ભવ છે તે પણ માનતાં નથી. આ ભવમાં જ મોક્ષ ઠરાવે છે તે તત્ત્વથી વિરુદ્ધ છે–જૈનદર્શનથી વિરુદ્ધ છે. કેટલાંક લોકો 'શ્રીમદ્ ભાવલિંગી સાધુ હતાં' એમ કહે છે. તે પણ ખોટું છે. ગૃહસ્થાશ્રમમાં ભાવલિંગી સાધુ હોય જ નહીં. કહેનારને સાધુના સ્વરૂપની જ ખબર નથી. લોકો શ્રીમદ્ માટે જુદી જુદી વાત કરે છે. પણ તેને ખબર નથી કે આ જૈનશાસનથી કેટલું ઊંધું થાય છે.

અહીં આચાર્યદેવ પોતે કહે છે કે અમને હજુ રાગાદિનો ભાગ છે પણ આત્માનો અનુભવ હોવાથી અમને નક્કી થઈ ગયું છે કે અમુક ભવિષ્ય પછીની ભવિષ્યની બધી પર્યાય મુક્તિની થવાની છે. આમાં અમારે ભગવાનને પૂછવું પડે

તેમ નથી. આપ્ત–આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિયજ્ઞાનથી સ્પષ્ટ જણાય છે. સર્વજ્ઞપ્રણીત આગમમાં જીવને જેવો કહ્યો છે તેવો જેના જ્ઞાનમાં બેઠો તેને ચોક્કસપણે નક્કી થઈ જાય છે કે અલ્પકાળમાં હું સિદ્ધ થવાનો છું. વર્તમાનમાં રાગાદિ વિકાર છે તે કાંઈ ટકી રહેવાનો નથી, ટળી જવાનો છે. સાચા અનુમાનજ્ઞાનથી પણ એમ નક્કી થઈ શકે છે અને સ્વસંવેદન દ્વારા તો પ્રત્યક્ષ પોતાથી પોતાનું અનુમાન થઈ જાય છે. દ્રવ્યદૃષ્ટિ થતાં રાગથી ભિન્ન પડીને 'જ્ઞાનાનંદસ્વરૂપ છું' એવા અનુભવથી પોતાના સિદ્ધરૂપ ભવિષ્યનો નિર્ણય થઈ શકે છે.

આમ, અનેક પ્રકારે નક્કી થાય છે કે જીવ સંસારપર્યાય નષ્ટ કરી, સિદ્ધપર્યાયે પરિણમે ત્યાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી. જે સત્ છે તેમાં જ સદ્‌ભાવપણે ઉત્પાદ થાય છે. જે સત્ નથી તેમાં ઉત્પાદ થતો નથી.

આ ૨૦ ગાથા થઈ. હવે ૨૧મી ગાથામાં આ જીવને ઉત્પાદ્, વ્યય, સત્–વિનાશ અને અસત્–ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.

જૂની પર્યાયના વ્યયનો અને નવી પર્યાયના ઉત્પાદ્‌નો કર્તા આત્મા છે. માટે વિકારી કે અવિકારી બધી પર્યાયની ઉત્પત્તિનો કર્તા આત્મા છે. રાગની પર્યાયનો કર્તા આત્મા છે, સમ્યગ્દર્શનનો કર્તા આત્મા છે અને મોક્ષનો કર્તા પણ આત્મા છે. સંસારના નાશનો કર્તા, મિથ્યાત્વના વ્યયનો કર્તા આત્મા છે. આત્માને પોતાના ઉત્પાદ્–વ્યયને કરવામાં પરની સાથે કાંઈ સંબંધ નથી. એક એક સમયના ઉત્પાદ્–વ્યયનો કર્તા આત્મા છે.

રાગનો કર્તા અને તેના અભાવનો કર્તા જીવ છે તેમ જ સમ્યગ્દર્શનનો કર્તા અને તેનો અભાવ કરીને બીજાં સમયે સમ્યક્ પર્યાય થાય તેનો પણ કર્તા જીવ છે. કર્મને કારણે મિથ્યાત્વ થાય છે કે દર્શનમોહ કર્મના નાશથી સમ્યક્ત્વ થાય છે–એમ નથી.

કુગુરુ મળ્યાં માટે મને અધર્મ પર્યાય થઈ અને સુગુરુ મળ્યાં માટે ધર્મપર્યાય ઉત્પન્ન થઈ–એમ નથી. અધર્મનો કર્તા પણ જીવ છે અને તેનો વ્યય કરીને ધર્મનો કર્તા પણ જીવ છે એમ સિદ્ધ કરશે.

# શિકારે નીકળેલા ને ગણધરપદ પ્રાપ્ત કરતાં રાજા પદ્મરથ

"જિન ચરણોમેં દેવરાજ, અરુ મહારાજ તક નમતે હૈં,
જિન ચરણોંકી સેવા કરકે મહા પતિત તક તરતે હૈં.
ઉસી પવિત્ર ભક્તિમેં રંગકર જિસકા માન બઢાતે હૈં.
વહી કથા નીચે લિખતા હૂં જો પઢકર સુખ પાતે હૈં."

મગધ દેશાન્તર્ગત મિથિલા નામક નગરીમેં રાજા પદ્મરથ રાજ્ય કરતે થે. વે પરોપકારી, દયાલુ તથા નીતિ–નિપુણ રાજનીતિજ્ઞ થે. એક દિનકી બાત હૈ કિ રાજા પદ્મરથ જંગલમેં ગયે. ઉન્હોંને એક ખરગોશકે પીછે અપના ઘોડા દૌડાયા, કિન્તુ વહ ઈતની તેજીસે ભાગા કિ બાતકી બાતમેં રાજાકી નજરોંસે ઓઝલ હો ગયા. રાજા મન મારકર રહ ગયા, રાજાકા ઘોડા દૌડતા હુઆ કાલગુફા નામક ગુફાકે પાસ પહુંચ ચુંકા થા, ઉસી ગુફામેં સંયોગસે સુધર્મ મુનિરાજ તપસ્યા કરતે થે. પાઠકગણ, જિસ પ્રકાર તપા હુઆ લોહા જલકી બૂંદોસે શાન્ત હો જાતા હૈ ઉસી પ્રકાર પરમ શાન્ત તપસ્વી મુનિરાજકે શુભદર્શનસે મહારાજકા હૃદય ગદ્ગદ્ હો ગયા. મહારાજ ઘોડેસે ઉતર પડે, ઉન્હોંને શ્રદ્ધા–ભક્તિસે મુનિરાજકો નમસ્કાર કિયા. મુનિરાજને રાજા પદ્મરથકો ધર્મોપદેશ દેકર ઉનકા મન પ્રફુલ્લિત કર દિયા. રાજાને હાથ જોડકર વિનીત શબ્દોંમેં કહા,—"મુનિરાજ ! આપ કૃપાકર બતાવેં કિ આપકે સમાન કોઈ અન્ય મુનિરાજ ઈસ સંસારમેં હૈં યા નહીં, અગર કોઈ હૈં તો કિસ સ્થાનપર હૈં ?" રાજાકી જિજ્ઞાસા ભરી બાત સુનકર મુનિરાજને કહા,—"મહારાજ ! મૈં જિન ભગવાન બારહવેં તીર્થંકર વાસુપૂજ્યકી ચર્ચા કરતા હૂઁ. ઉનકે શરીરકા તેજ સૂર્યકે પ્રખર તેજકે સમાન હૈ. ઉનકે રોમ રોમસે દિવ્ય છટા પ્રકાશિત હો રહી હૈ. ઉનકે અનન્ય જ્ઞાનકે આગે સંસારમેં કોઈ ઉપમા મિલના અસંભવ હૈ. મૈં ઉનકે આગે નગણ્ય હૂઁ. સચ હૈ ઐસે દિવ્ય અલૌકિક પુરુષસે હમારી તુલના હો નહીં સકતી. મૈં ઉનકે સામને કુછ ભી નહીં હૂઁ ?" ઈસ પ્રકાર મુનિરાજકે નિસ્પૃહ બચન સુનકર રાજાકે હૃદયમેં ભગવાન વાસુપૂજ્યકે દર્શનકી પ્રબલ ઈચ્છા હુઈ. વે ભગવાનકે દર્શનકે લિયે ચલ પડે. મહારાજકે સાથમેં અન્ય લોગ ભી દર્શનાર્થ ચલે. ઉસી સમય ધનવન્તરી ઔર વિશ્વાનુલોમ નામક દો દેવોંને રાજાકો ભગવાન વાસુપૂજ્યકે પાસ જાતે દેખ ઉનકી પરીક્ષા લેના શુરુ કિયા.

ઉસી સમય દેવોંને ઘોર ઉપદ્રવ કરના પ્રારમ્ભ કિયા, ઉનકે માર્ગમેં કાલા સાપ મિલા. ઉસકે બાદ રાજ્ય છત્ર દણ્ડકા ભંગ હોના દિખલાઈ પડા. ઈસકે ઉપરાન્ત પત્થર વર્ષા શુરુ હુઈ, અગ્નિકાંડ હો ગયા, ફિર મૂસલાધાર પાની બરસના શુરુ હો ગયા. મહારાજકે સાથ ચલનેવાલે અધિકાંશ આદમી ઘાયલ હોકર અધમરેસે હો ગયે. મન્ત્રિયોંને ઈસ યાત્રાકો અશુભ કરનેવાલા બતાકર મહારાજકો વાપસ ચલનેકે લિયે સલાહ દી.

કિન્તુ રાજા પદ્મરથ અટલ બને રહે. ઉન્હોંને દૃઢ નિશ્ચયકર લિયા ચાહે જો કુછ પરિણામ હો મગર મૈં ભગવાનકા પવિત્ર દર્શન અવશ્ય કરુંગા. ઈસ પ્રકાર વિચાર કર ઉન્હોંને 'નમ: શ્રીવાસુપૂજ્યાય' કહકર ભગવાન વાસુપૂજ્યકે પાસ જાનેકે લિયે પ્રસ્થાન કર દિયા. દેવોંને મહારાજકી દૃઢ ભક્તિ દેખ પ્રકટ હોકર ઉનકી પ્રશંસા કી, ઈસકે ઉપરાન્ત ઉક્ત દેવોંને એક બહુમૂલ્ય હાર ઔર એક યોજન તક સુનાયી દેનેવાલી એક વીણા દેકર અપને અપને સ્થાનપર પ્રસ્થાન કિયા.

જિસ સમય રાજા પદ્મરથ ભગવાન વાસુપૂજ્યકે પવિત્ર સમવસરણમેં પહુંચે ઉસ સમય ઉન્હોંને ક્યા દેખા કિ ભગવાન આઠ પ્રતિહાર્યોંસે યુક્ત હૈં, અનેક દેવ, વિદ્યાધર રાજે, મહારાજે ભગવાનકી સ્તુતિ કર રહે હૈં. ભગવાન અપને કેવલજ્ઞાન દ્વારા સંસારકે સમસ્ત તત્ત્વોંકો જાનતે હુએ પવિત્ર ધર્મોપદેશ દે રહે હૈં. જન્મ–જન્માન્તરોંકે મિથ્યા ભાવોંકો નાશ કરનેવાલે ભગવાન વાસુપૂજ્યકે પવિત્ર દર્શન કર વે ગદ્ગદ્ હો ગયે. રાજાને ભગવાનકી સ્તુતિ કર પૂજા કી ઈસકે બાદ ભગવાનને ઉન્હેં પવિત્ર ધર્મોપદેશ દિયે, જિન્હેં સુનકર વે દીક્ષા લેકર તપસ્વી બન ગયે. તપસ્યા દ્વારા રાજા અવધિ તથા મન:પર્યય–જ્ઞાન પ્રાપ્ત કર ભગવાન વાસુપૂજ્યકે ગણધર બન ગયે.

શ્રેષ્ઠ પુરુષકો ચાહિયે કિ વે ભગવાન જિનેશ્વરકી સચ્ચી ભક્તિ કર મિથ્યા ભાવોંકો છોડ સ્વર્ગ મોક્ષકા અધિકારી બનેં. જિસ પ્રકાર રાજા પદ્મરથને ભગવાન જિનેન્દ્રકી સચ્ચી ઉપાસના કર ભક્તરાજકા આસન પાયા ઉસી પ્રકાર અન્ય લોગોંકો કરના ચાહિયે. ભગવાન જિનેન્દ્રકી ભક્તિ કરનેસે કિતના ફલ મિલતા હૈ, યહ વર્ણનાતીત હૈ. સચ હૈ ઉસીકે દ્વારા સંસારકે વૈભવ સ્વર્ગ મોક્ષ તથા અન્ય મનોરથ પ્રાપ્ત હોતે હૈં. ભક્તિકે દ્વારા કેવલજ્ઞાન દ્વારા સંસારકા કલ્યાણ હોતા હૈ.

*(આરાધના-કથા-કોષ, ભાગ-૧માંથી)*

જામનગર (સૌરાષ્ટ્ર)માં

## * શ્રી જિનબિંબ–વેદીપ્રતિષ્ઠા સાનંદ સંપન્ન *

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ધર્મોપકાર-પ્રતાપથી સૌરાષ્ટ્રના અન્યતમ પ્રમુખ શહેર જામનગરમાં વિ.સં. ૨૦૧૭માં નિર્માપિત તથા પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવપૂર્વક પ્રતિષ્ઠિત, અતિ ભવ્ય મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરમાં, ત્યાંના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ-આમ્નાય–અનુયાયી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા, નવનિર્માપિત વેદીઓ પર પ્રતિષ્ઠાપિત કરવામાં આવનાર શ્રી સીમંધરસ્વામી, વીતરાગ મુનીન્દ્ર બાહુબલી તથા ભૂકંપને કારણે માનસ્તંભનાં ઉપરનાં ચાર સ્વસ્થાનથી ચલિત મહાવીરસ્વામી દિગંબર જિનબિમ્બોની વેદીપ્રતિષ્ઠાનો તથા માનસ્તંભ–મહામસ્તિકાભિષેકનો મંગલ મહોત્સવ—પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી તથા આપણા આદર્શ–આત્માર્થી, શ્રી સમયસાર આદિ પંચપરમાગમના સફળ અનુવાદક, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની આનંદોલ્લાસવર્ધિની શુભાશિષથી—ધર્મપ્રભાવનાપૂર્વક અતિ હર્ષોલ્લાસપૂર્વક તા. ૨૩-૨૪-૨૫ એપ્રિલ (મહાવીર જન્મકલ્યાણકના દિવસે) ત્રણ દિવસના વિશેષ સમારોહપૂર્વક આશરે ૧૦૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થયો. માનસ્તંભનો મહામસ્તકાભિષેક રત્નકળશ, સુવર્ણકળશ તથા રજતકળશોથી કરવામાં આવ્યો હતો. અભિષેકાર્થિઓને ઉપર જવા માટે મંચ તથા લિફ્ટની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. વેદીપ્રતિષ્ઠા તથા માનસ્તંભ–મહાભિષેકની વિભિન્ન બોલીઓ દ્વારા ત્યાંના મુમુક્ષુમંડળને આશરે ૧૨ લાખ રૂપિયાની ઊપજ થઈ હતી. સોનગઢના શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના માર્ગદર્શનપૂર્વક આયોજિત આ વેદીપ્રતિષ્ઠામહોત્સવ આશાતીત આટલો બધો સફળ થવાથી ત્યાંના મુમુક્ષુમંડળને ઘણો ઉત્સાહ રહ્યો. આ મંગલ અવસર પર ત્યાંના મંડળના અધ્યક્ષ મહોદયે આનંદોલ્લાસ સહ જાહેર કર્યું હતું કે–અમારા જામનગરના મુમુક્ષુમંડળે આ આયોજન નિશ્ચિત કર્યું છે કે, અનેક મુમુક્ષુ જામનગરમાં આ મંદિરથી દૂર વસી રહ્યા છે, અને ઘણું દૂર હોવાથી જિનદર્શન આદિથી વંચિત રહે છે, આથી તેઓ માટે જિનદર્શન તથા શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ માટે એક નવું બીજું જિનમંદિર—શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિર—સોનગઢના માર્ગદર્શન તળે નિર્મિત તથા પ્રતિષ્ઠિત કરવામાં આવે. માર્ગદર્શન પ્રદાન કરવા માટે અધ્યક્ષ મહોદયે સોનગઢ–ટ્રસ્ટને અનુરોધ પણ કર્યો હતો. આ આનંદકારી જાહેરાતને ઉપસ્થિત મુમુક્ષુઓએ તાળીઓ દ્વારા વધાવી લીધી હતી. પૂજ્ય ગુરુદેવ અને ભગવતી માતાના ધર્મપ્રભાવનોદયની વૃદ્ધિને અનુભૂત કરતા સર્વે પ્રમુદિત થયા હતા.

## * આભારદર્શન *

નાયરોબીના પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મસુધાસભર પ્રવચન અને પ્રતિષ્ઠાપ્રસંગની ઓરીજનલ વિડિયો કેસેટ્સ તથા મશીન (કેસેટ પ્લેયર) નાયરોબી મુમુક્ષુમંડળ તરફથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢને ભેટ આપવામાં આવેલ છે. એ બદલ ટ્રસ્ટ તેમનુંઆભારી છે.

[તા. ૧૦-૫-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'અષ્ટપાહુડ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ તા. ૧૫-૫-૨૦૦૨, બુધવાર (વૈશાખસુદ-૩)ના દિવસે શ્રી ઋષભદેવ—આહારદાનપર્વ છે તથા તા. ૨૧-૫-૨૦૦૨, મંગળવાર, વૈશાખસુદ ૧૦ના દિવસે શ્રી મહાવીર—કેવળજ્ઞાનકલ્યાણકનું વાર્ષિક પર્વ છે. આ બંને પર્વ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકારસ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની બારમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૫-૫-૨૦૦૨, શનિવારથી તા. ૨૯-૫-૨૦૦૨, બુધવાર (વૈશાખ વદ ૩) સુધી---પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી ઊજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે ભોજન-આવાસવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

★ વૈશાખ વદ ૬, શનિવાર, તા. ૧-૬-૨૦૦૨ના દિવસે સોનગઢના સમવસરણમંદિરનો ૬૧મો વાર્ષિક પ્રતિષ્ઠાપર્વ છે તથા વૈશાખ વદ ૮, સોમવાર, તા. ૩-૬-૨૦૦૨ના દિવસે સોનગઢના સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનનો તથા તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૬૫મો વાર્ષિક ઉત્સવ છે; આ બંને અવસર પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રુતપંચમી-પર્વ :** જેઠ સુદ ૫, તા. ૧૫-૬-૨૦૦૨, શનિવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્ખંડાગમ આદિ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

*

## Shri Subhash Sheth's lecture-tour on Jainism in USA
## Schedule 2002

| S.No. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1. | Sat–Wed | May 18–22 | Tampa, FL | Dr. Siddharth H. Shah 727-934-6141 |
| 2. | Thur–Fri | May 23–24 | New York, NY (Bus\Road Journey from New York to Lansdale, PA) | Haresh Sheth 718-275-3049 |
| 3. | Sat–Thur | May 25–30 | Lansdale, PA | Pravin Shah 215-362-5598 |
| 4. | Fri–Sun | May 31–June 02 | Siddhachalam, NJ (Road Journey from Siddhachalam to Grand Rapids, MI) | –do– |
| 5. | Mon–Sat | June 03–08 | Grand Rapids, MI | Nitin Bhimani 616-698-2440 |

Cordinator :

**Hasmukh M. Shah**

304 Tall Oak Trail, Tarpon Springs, Florida 34688. USA.

Phone : 727–934–3255

Email. kahanguru@hotmail.com.

❀ જ્ઞાનીને જે રાગદ્વેષ થતાં દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા—થતા ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ રાગના પરિણામમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મી જીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા ! જ્ઞાનીની અંતરદશા અદ્ભુત છે. *—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ જડમાં છે, પુદ્‌ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં. ૨૪૫.

❀ દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન–અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલ ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણેછે.

આહાહા ! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત–ભવિષ્યની પર્યાયોને સર્વજ્ઞ દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન છે. આહાહા ! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે. આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું ? ૨૪૬.

❀ જેને કેવળજ્ઞાનની પર્યાયનો મહિમા આવે, જગતના સર્વદ્રવ્યોની (જે પર્યાયો) થઈ, થાય છે, થશે એ સર્વ પર્યાયોને એક સમયમાં જાણી લે, બધા દ્રવ્યોની પર્યાયોને વર્તમાનવત્ જાણી લે, એવી જ્ઞાનપર્યાયોનું માહાત્મ્ય આવે તેને તેની ધૂન લાગે, અને એવી પર્યાયના ધરનાર દ્રવ્યની ધૂન લાગે, એ ધૂનમાંથી ધ્યાન થઈ જાય છે....જ્ઞાનની આવડી મોટી પર્યાય ! એમ જ્ઞાનની પર્યાયની તાકાતનો ભરોંસો કરવા જાય ત્યાં તેને ધ્યાન થયા વિના રહે નહિ,—એની ધૂન પર્યાય ઉપર ન રહેતાં ગુણ ઉપર ધૂન જાય અને એમાં કેવળજ્ઞાનની પ્રત્યક્ષતા થઈ જાય. જેના જ્ઞાનની વર્તમાન એક દશામાં ત્રણકાળની પર્યાયને જાણે અહો ! આ જ્ઞાનની પર્યાયનું આટલું જોર ! આટલી જોરદાર ! એ જ્ઞાનગુણની ધૂન વિના એને જોર આવે જ નહીં ! ૨૪૭.

## ❀ મહા—અપરાધ ❀

જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય-પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334